જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧/૧૦/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૬૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૩૮૩ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૨ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૦૨ બિયર ટીન કબ્જે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૮૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૭૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૨૪૭૧/૧૪**

**નરોડા :** શિવાંગીબહેન કિરીટભાઇ પટેલ (ઉ.વ.૧૭) (રહે.ઉપ્લવ સોસાયટી, દેવી સીનેમા પાસે, નરોડા) ને તા.૨૯/૯/૧૪ કલાક ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી રોનક લાલાભાઇ પટેલ (રહે.સોળફળી, નરોડા ગામ, નરોડા) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ શીવાંગીબહેનનાં પિતા કિરીટભાઇ પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.કે.સડાત ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૭૨/૧૪**

**આનંદનગર :** નંદાબહેન ચંદુભાઇ નાઇ (રહે.કૃષા એપાર્ટમેન્ટ, આનંદનગર ચાર રસ્તા, આનંદનગર) તા.૩૦/૯/૧૪ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે આનંદનગર શિવાલીક બંગ્લોઝ, કિરીટ વૈધના બંગ્લોઝ સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નંદાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નંદાબહેન નાઇએ આનંદનગર પોલીસસ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૭૩/૧૪**

**શાહીબાગ :** નેત્રપાલ સુરજપાલ શંખવાહ (રહે.અંબિકાનગર, અમરાઇવાડી) એ તા.૨૯/૯/૧૪ બપોરના ૩/૩૦ વાગે સિવીલ હોસ્પીટલ ટ્રામો સેન્ટરના પાર્કિંગમાં પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.સી.યુ.૯૧૭૯ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સાંજનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ નેત્રપાલ શંખવાહે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં. ૨૪૭૪/૧૪**

| | |
|---|---|
| **દાણીલીમડાઃ** પદમાબહેન હરીશભાઇ જ્યોતીકા(ઉ.વ.૨૨)(રહે.સોનલપાર્ક, પાણીની ટાંકી પાસે, દાણીલીમડા) તા.૨૧/૦૯/૧૪ ના કલાક ૧૧/૦૦ વાગ્યાથી ગુમ છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ ટોપ અને વાદળી રંગનું જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઇંચ છે.(દાણીલીમડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૩૨૦૧૫૩) |  |
| **ખોખરા :** જયંતિભાઇ મોહનભાઇ પંચાલ (ઉવ.૬૫)(રહે.જયભોલેનાથ સોસાયટી, ફીજીકલ ગ્રાઉન્ડ ચાર રસ્તા પાસે, ખોખરા) તા.૧૭/૯/૧૪ રાતનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે અસ્થીર મગજનાં હોઇ ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગનો શર્ટ અને ગ્રે રંગનું નાઇટી પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઇંચ છે. (ખોખરા પો.સ્ટે. ટે.નં.૨૨૭૬૧૧૬૮) |  |
| **સોલા હાઇકોર્ટ :** અનોખીબહેન શ્રવણકુમાર લખાજી (ઉ.વ.૧૭)(રહે.અજન્તા એપાર્ટમેન્ટ, થલતેજ) તા.૧૩/૯/૧૪ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે.પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પંજાબી ડ્રેસ પહેર્યો છે. (સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **ઘાટલોડીયાઃ** દિપકભાઇ સુખપાલસિંગ કુસ્વાહ (ઉ.વ.૧૬)(રહે.નંદનવન ઔડાના મકાનમાં, નિર્ણયનગર, રાણીપ) તા.૨૦/૯/૧૪ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઉમિયા હોલ ત્રણ રસ્તા ઘાટલોડીયાથી ગુમ થયેલ છે. મજબુત બાંધાના અને શ્યામવર્ણા છે. જાંબલી રંગનુ શર્ટ અને એસ રંગનું પેન્ટ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ ૪ ઈંચ છે.(ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ટે.નં.૨૭૪૮૯૧૨૭) |  |
| **વટવાઃ** પુનમભાઇ ધુળાભાઇ શ્રીગોલ (ઉ.વ.૬૦)(રહે.પ્રગતિનગર, નારોલ) તા.૨૪/૯/૧૪ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી દવા લેવા જવાનું કહી નિકળ્યા બાદ તેમનો પત્તો નથી. મજબુત બાંધાના અને શ્યામવર્ણા છે. ડાબા હાથના કાંડા પાસે કાળો તલ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.